**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૬ ટકા

# ગાંધીનગરના માર્ગો સેવાભાવથી છલકાયાં

## અંબાજી તરફ જતાં પદયાત્રીઓ શહેરમાંથી પસાર થતાં વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા સેવાકેન્દ્રોમાં ખડેપગે રહી રાતદિવસ સેવા આપી ધન્યતા પ્રાપ્ત કરવામાં આવી રહી છે




ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં ચોતરફ ભક્તિનો માહોલ જામ્યો છે.. એક તરફ ઠેરઠેર ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે જેમાં નગરના અબાલ વૃધ્ધ સૌ કોઈ ગણપતિમય બન્યા છે તો બીજી તરફ ભાદરવી પુનમના મેળામાં અંબાજી ચાલતા જતાં પદયાત્રીઓ નગરમાંથી પસાર થઈ રહયા છે. આ પદયાત્રીઓને નગરવાસીઓ સેવા કેન્દ્રો દ્વારા આવકારી રહયા છે અને તેમની સેવા કરી અંબાજી ગયાનું પુણ્ય પણ મેળવી રહયા છે. નગરજનોની આ સેવાથી પદયાત્રીઓ પણ ભાવવિભોર બની રહયા છે. નગરમાં અંબાજી તરફ જવાના માર્ગો પર પદયાત્રીઓની સંખ્યામાં ધીમેધીમે વધારો થતો જોવા મળી રહયો છે. નાની-મોટી સંખ્યામાં પદયાત્રીઓ જયઅંબે..ના જયઘોષ કરતાં કરતાં પગપાળા જઈ રહયા છે. તો ઘણા યુવાનો અને મોટી સંખ્યામાં શ્રમજીવી શ્રધ્ધાળુઓના ટોળે ટોળા નગરના રાજમાર્ગો ઉપર ચાલતા જોવા મળી રહયા છે. જેમાં ગાંધીનગરમાં ચ-માર્ગ, ખ-માર્ગ, સરગાસણ, કુડાસણ વિસ્તારમાં સેવા કેન્દ્રો ઉભા કરાયા છે અને અલગ અલગ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં હાલમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો છે. આદ્યશક્તિ મા અંબાના ચરણોમાં પદયાત્રા થકી પોતાની ભક્તિ સમર્પિત કરવા જતાં પદયાત્રીઓને નગરના સેવાભાવી ભાવિકો હૃદયથી આવકારી શહેરીજનો સેવાભાવી ભાવનાને ઉજાગર કરવામાં કોઈ પાછીપાની રહી ના જાય તે માટે કટીબધ્ધ બન્યા છે. ગાંધીનગરમાં કેટલાક સેવા કેન્દ્રો ૧૫ વર્ષથી વધુ સમયથી ચાલી રહયા છે. જેમાં પંચદેવ યુવક મંડળ દ્વારા ચ-૦ સર્કલ પાસેનું સેવા કેન્દ્ર, ક-૫ સર્કલ પાસે સે-૨૫ની જીઆઈડીસીના મેઈન ગેટ પાસેનું સેવાકેન્દ્ર, કુડાસણ વિસ્તારમાં પ્રતિક મોલ સામે કુડાસણ યુવક મંડળ દ્વારા સેવા કેન્દ્ર ચલાવવામાં આવે છે. ચ-૦ સર્કલ પર આવેલા પંચદેવ યુવક મંડળ દ્વારા સંચાલિત સેવા કેન્દ્રમાં સતત ૨૫ વર્ષ પણ યુવાનો એટલા જ ઉત્સાહથી પદયાત્રીઓની સેવા કરી રહયા છે. આ સેવા કેન્દ્રોમાં ૨૪ કલાક ચા-કોફી અને ગરમ નાસ્તાની સગવડ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત લીંબુપાણી પીવા માટેના ઠંડા મીનરલ પાણી, ગરમ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવા કેન્દ્રો પર દરરોજ વિવિધ નાસ્તા બનાવવામાં આવે છે. આ ઉપરાંત જુનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા મેડીકલ સારવાર અને દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી રહી છે. અમદાવાદ તરફથી ગાંધીનગર આવતા કોબા હાઈવે પર આવેલા કુડાસણ યુવક મંડળ દ્વારા સંચાલિત પદયાત્રી વિસામા કેન્દ્રને આ ૩૫મું વર્ષ છે. સૌથી જુના આ વિસામા પર પદયાત્રીઓ માટે ચા-કોફી, ઠંડુ પાણી, આઈસ્ક્રીમ વગેરેની સુવિધા કરવામાં આવી છે. ઉપરાંત અહીં પદયાત્રીઓને આરામ કરવા ખાટલા અને ખુરશીઓની પણ વ્યવસ્થા રખાઈ છે. સેવા કેન્દ્રોમાં યુવાનો ખડેપગે સેવા આપી રહયા છે. ભાદરવી પુનમે મા અંબાજીના દર્શનાર્થે જતાં માઈ ભક્તોની સેવા માટે વરસાદથી પલળી ના જાય તે માટેના વોટરપ્રુફ શામિયાણા બનાવાયા છે. જેમાં સ્વયં સેવકો માલિશ, દવા, ચા-નાસ્તો, ભોજન પ્રસાદ આપી સતત રાતદિવસ માઈ ભક્તોની સેવામાં ખડેપગે રહીને ધન્યતા અનુભવી રહયા છે.




# ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા રાષ્ટ્રિય સમુહ ગાન સ્પર્ધા



વિદ્યાર્થીઓમાં નાનપણ થી જ રાષ્ટ્ર ભાવના જાગૃત થાય તે હેતુથી ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગાંધીનગર ની ૧૮જેટલી સ્કૂલના ૧૭૫ વિદ્યાર્થી ઓ એ ખૂબ જ ઉત્સાહ ભેર તથા રાષ્ટ્ર પ્રેમના સૂરમાં રંગાઈ ને કાર્યક્ર્મ ને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને લેફ્ટનન્ટ કર્નલ સતીશ કુમાર(ગુજરાત બટાલિયન), ઉદ્‌ઘાટક સ્થાને માનનીય બી. એન. રાજગોર (નાયબ નિયામક), અતિથિ વિશેષ સ્થાને માનનીય રાજેશ કુમાર બારડ (ચેતક કમાન્ડો ફોર્સ) તથા ધર્મેશ નાઈક (નિવૃત્ત નેવી ઓફિસર) હાજર રહ્યા હતાં. સમગ્ર કાર્યકર્મ માં મહેમાન શ્રી તથા શ્રોતાગણ સંગીત ના તાલ પર ઝૂમી ઉઠ્યા હતા. આ સ્પર્ધાના મુખ્ય નિર્ણાયકોમાં શ્રી હેમંતભાઈ સોની, યાત્રી બેન મેવાડા, બિનલ બેન ચૌહાણ હતાં. જેમાં વિજેતાઓમાં પ્રાથમિક વિભાગમાં પ્રથમ સ્થાને - દિલ્હી પબ્લિક સ્કૂલ, દ્વિતીય સ્થાને - અંધ શાળા સેક્ટર ૧૬, તૃતીય સ્થાને - શ્રી સ્વામિનાયણ ધામ સ્કુલ કુડાસણ તો સંસ્કૃત વિભાગમાં પ્રથમ સ્થાને - બ્રાઈટ સ્કૂલ વલાદ, દ્વિતીય સ્થાને - દિલ્હી પબ્લિક સ્કૂલ, તૃતીય સ્થાને - બ્રાઈટ ઈન્ટર નેશનલ સ્કૂલ, વલાદ રહયા હતા. માધ્યમિક વિભાગમાં પ્રથમ સ્થાને - દિલ્હી પબ્લિક સ્કૂલ,કોબા, દ્વિતીય સ્થાને - અંધ શાળા સેક્ટર ૧૬, તૃતીય સ્થાને - બ્રાઈટ ઈન્ટર નેશનલ સ્કૂલ, વલાદ પુરસ્કાર મેળવ્યા હતાં. કાર્યકર્મની થીમ પરમવીર ચક્ર પર રાખવામાં આવી હતી. પ્રમુખ દિપક ભાઈ પટેલ, મંત્રી ધર્મેન્દ્ર સિંહ વાઘેલા, કાર્યક્મના સંયોજક ડો. અંકિતભાઈ ખરાદી, સહ-સંયોજક રોહનભાઈ જૈન, મહિલા સંયોજીકા મીનાબેન પટેલ, યુવા સંયોજક ધ્રુવભાઈ વોરા તથા સમગ્ર કારોબારીના નેતૃત્વ હેઠળ આયોજન થયું હતું.

# સરકારી વિજ્ઞાન કોલેજમાં "ઈકો ફ્રેન્ડલી ગણેશા" મેકિંગ સ્પર્ધા યોજાઈ




ઈકો ક્લબ અને વનસ્પતિ શાસ્ત્ર વિભાગ દ્વારાતા. ૩૦/૦૮/૨૦૨૨ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ માં"ઈકો ફ્રેન્ડલી ગણેશા" મેકિંગ સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધા માં સંસ્થાના ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો . વિદ્યાર્થીઓની સાથે સાથે સંસ્થાના અધ્યાપકો એ પણ માટી માંથી ગણપતિ દાદાની સરસ મજાની મૂર્તિઓ તૈયાર કરેલ હતી.આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા માટે રૂપકભાઈ સોલંકી, નાયબ નિયામક, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર, શ્રી આલાપભાઈ પંડિત, પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર તથા વૈશાલીબેન, આસીસ્ટન્ટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ગણેશજી ની શ્રેષ્ઠ પાંચ કૃતિ બનાવનાર વિદ્યાર્થીઓને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા પુરસ્કાર અર્પિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં વિદ્યાઓને પ્રેરક બળ પૂરું પાડવા ડૉ . ડી. એ. ઓડેદરા, ડૉ. એમ. જી. પટેલ, ડો, સી,સી,અંબાસણા હાજર રહ્યા હતા. વનસ્પતિ શાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.એસ. કે. પટેલના સફળ નેતૃત્વ હેઠળ ઈકો ક્લબના ડૉ પ્રજ્ઞા પ્રજાપતિ અને ડૉ બિન્ની કરલીકરે કાર્યક્રમ નું સફળ સંચાલન કરેલ હતું.

## સરગાસણ ખાતે ગણેશ ચતુર્થીના ભવ્ય કાર્યક્રમો

ગાંધીનગર, તા.૩૧

સરગાસણ ખાતે શિક્ષાપત્રી મેદાનમાં પ્રમુખનગર પાસે ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ૨૭ ઓગસ્ટે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. તા.૩૧ ઓગસ્ટે સવારે નવ કલાકે ગણેશ સ્થાપના કરવામાં આવી છે તો તા.૧ સપ્ટેમ્બરે કાલજ હિન્દુસ્થાની દ્વારા સંસ્કૃતિ રક્ષા પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨ સપ્ટેમ્બરે સંગીત સંધ્યા, તા.૩ સપ્ટેમ્બરે રાસ ગરબા અને તા.૪થીએ ગણેશ વિસર્જન કરવામાં આવશે.

# આજે સામા પાંચમ : દોષમુક્તિ વ્રત

## ઋષિ પંચમીનું આ વ્રત મહિલાઓ દ્વારા કરવામાં આવે છે : આ વ્રતમાં મોરૈયો અને દહીં ખાવામાં આવે છે



### વ્રત કથા સાંભળવાનું મહત્વ છે

સપ્ત ઋષિઓની પૂજા હળદર, ચંદન, નાડાછડી, અબીલ, ગુલાલ, મહેંદી, ચોખા, વસ્ત્ર, ફુલ વગેરે દ્વારા કરવામાં આવે છે. પૂજા કર્યા પછી ઋષિ પંચમી વ્રતની કથા સાંભળવામાં આવે છે. આ કથાને સાંભળવાનું ખુબજ મહત્વ હોય છે.

### આ દિવસે શું જમવું

ઋષિ પંચમીના દિવસે મોરૈયો અને દહીં ખાવાની પરંપરા છે અનાજ અને મીઠાનું સેવન કરવું જોઈએ નહીં. પૂજા પછી કળશ સામગ્રીને દાન કરો.

### ધ્યાનમાં રાખવામાં આવતી બાબતો

- સવારથી બપોર ઉપવાસ કરવો
- પૂજા સ્થાનને ગોબરથી લીંપવુ.
- માટી કે તાંબાના કળશમાં જવ ભરીને ચોકમાં સ્થાપિત કરો.
- પંચરત્ન, ફુલ, ગંધ, ચોખા સાથે પૂજાન કરી વ્રતનો સંકલ્પ કરો.
- કળશ પાસે અષ્ટદળ કમળ બનાવી તેના દળમાં ઋષિઓ અને તેમની પત્નીની પ્રતિષ્ઠા કરો.
- બધા જ સપ્ત ઋષિઓનું ૧૬ વસ્તુઓ સાથે પૂજન કરો.

ગાંધીનગર, તા.૩૧

ઋષિ પાંચમનું વ્રત તા.૧ સપ્ટેમ્બર ગુરૂવારે છે આ વ્રત દોષમાંથી મુક્તિ મેળવવા માટે કરવામાં આવે છે. તેને ખાસ મહિલાઓ જ કરે છે. વ્રતની પાછળ માન્યતા છે કે જાણે-અજાણે બધાથી કોઈને કોઈ પાપ થઈ જ જાય છે જેમ કે કોઈ જગ્યાએ પગ રાખવાથી જીવની હત્યા, કોઈને ખરાબ કહેવાથી વાણીનું પાપ લાગે છે, કોઈને ઠેસ પહોંચાડવાથી માનસ પાપ લાગે છે. એટલે આ પ્રકારના દોષ અને પાપમાંથી મુક્તિ મેળવવા માટે આ વ્રત ફળદાયી છે. ભાદરવા મહિનાના સુદ પક્ષની પાંચમ તીથિએ આ વ્રત કરાય છે. કશ્યપ, અત્રિ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જગદગ્નિ અને વશિષ્ઠ ઋષિઓની પૂજા આ દિવસે ખાસ કરવામાં આવે છે. આ વ્રતમાં સપ્ત ઋષિઓ સહિત અરૂધંતિનું પૂજન થાય છે.

## આજે શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા.૧ સપ્ટેમ્બર ગુરૂવારના રોજ સંસ્થાના પ્રમુખ સુર્યકાંત બારોટના અધ્યક્ષસ્થાને સાંજે ૪ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨, સે-૨૨ ખાતે યોજાશે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.નાયી શાન્તાબેન કનૈયાલાલ** ઉ.વ.૬૯, પેથાપુર
- **સ્વ.પરમાર નિર્મળાબેન મનસુખલાલ** ઉ.વ.૯૪, સેકટર-૨૬
- **સ્વ.અંબાણી રમણીકલાલ કાંતિલાલ** ઉ.વ. ૮૦, સોલા, અમદા.

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.દવે ધર્મિષ્ઠા રવિચંદ્ર** ઉ.વ.૮૨, સેકટર-૩
- **સ્વ.રબારી ભટીબેન મફાભાઈ** ઉ.વ.૬૪, સરગાસણ
- **સ્વ.ઠાકોર લખીબેન જેસંગજી** ઉ.વ.૮૦, સુઘડ
- **સ્વ.કુકડીયા લખમણભાઈ કેશાભાઈ** ઉ.વ.૬૨, સરગાસણ

## જન્મદિને વધામણી



પ્રા. રમેશભાઈ પટેલ
સંયોજક મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા
મો. ૯૪૨૮૨૧૭૬૮૨



મિલાપ ટાટરીયા



ઠાકર દક્ષાબેન સતીશકુમાર
મો. ૯૪૨૭૯ ૬૯૭૦૦



સ્મિત સોલંકી



પ્રથમ સંજયકુમાર દરજી



અનવરભાઈ કે દિવાન
મો. ૯૮૨૫૫ ૯૭૯૩૧



જીવણજી અમૃતજી ઠાકોર
મો. ૮૧૪૧૬ ૫૬૨૨૯



શૌર્ય શાહ
મો. ૮૨૦૦૧૮૬૪૦૧



વસંતીબેન ઠાકોર



મિલાપ ટાટરીયા